# પાલનપુરમાં નેત્રમની ટીમે ખોવાયેલ ડોક્યુંમેન્ટ ભરેલી બેગ શોધી કાઢી

## યુવતી સર સમાન અને રોકડ ભરેલી બેગ ઉતાવળમાં ક્યાંક ભૂલી ગઇ હતી



પાલનપુર તા.૯

પાલનપુરમાં ઈદગાહ રોડ પર રહેતી એક યુવતી બજારમાં ખરીદી કરવા આવી હતી જ્યાં તે ઉતાવળમાં પોતાની પાસે રહેલ સર સામાન, ડોક્યુમેન્ટ અને રોકડ રકમ ભરેલી બેગ ક્યાંક ભૂલી ગઈ હતી જે બેગને નેત્રમ ની ટીમે સીસીટીવી કેમેરાની મદદ થી ગણતરીના કલાકોમાં શોધી કાઢી યુવતીને પરત કરી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરના ઈદગાહ રોડ પર આવેલ ગૌતમ સોસાયટીમાં રહેતી હેત્વી કલ્પેશભાઈ શાહ જે શુક્રવારની સાંજે કુવરવા સ્કૂલ પાસે દુકાનમાં ખરીદી કરવા આવી હતી જ્યાં જરૂરી ખરીદી કરી ઉતાવળમાં નીકળી ગઈ હતી. જોકે આ યુવતી પાસે રહેલ ડોક્યુમેન્ટ ,સર સામાન અને રોકડ રકમ ભરેલી બેગ ક્યાંક ભૂલી ગઇ હતી. જેને લઈ આ યુવતીએ ખોવાયેલ બેગ પરત મેળવવા માટે નેત્રમનો સંપર્ક કરતા નેત્રમ ની ટીમે ખોવાયેલ બેગ શોધી કાઢવા સીસીટીવી કેમેરાની ચકાસણી કરી એક પકોડી વાળા ની લારી પર થી બેગ શોધી કાઢી જરૂરી ડોક્યુમેન્ટ,સર સામાન અને રોકડ રકમ ભરેલી બેગ મૂળ માલિક હેત્વી શાહ ને રૂબરૂ પરત કરી હતી.

### ડબલ એન્જીન સરકાર કર્મચારીઓની વ્યથા ક્યારે ધ્યાને લેશે...?

# જિલ્લાની ગ્રાન્ટેડ હોસ્પિટલોના ૬૫૦ કર્મચારીઓ ૭ વર્ષથી સાતમા પગારપંચથી વંચિત...!!!

## ગાંધીનગર સુધી રજૂઆતોમાં ૩ આરોગ્ય મંત્રી બદલાયા છતાં પરિણામ શૂન્ય

બાયડ તા.૯

સાબરકાંઠા, અરવલ્લી સહિત રાજયની ગ્રાન્ટેડ હોસ્પિટલના ૬૫૦ કર્મચારીઓ છેલ્લા ૭ વર્ષથી સાતમ પગારપંચથી વંચિત રહ્યા છે. તેમને થઈ રહેલો અન્યાય દૂર કરવા રાજ્ય સરકારમાં ગાંધીનગર સુધી રજૂઆતો કરી અને ૩-૩ આરોગ્ય મંત્રી બદલાયા છતાં પરિણામ ન મળતાં કર્મચારી અને પરિવારજનોમાં રોષ વ્યાપ્યો છે. જયારે સાતમા પગારપંચની રાહ જોતા કર્મચારીઓ પૈકી કેટલાક કર્મચારીઓ કોરોના સમયે ન્યાયની રાહમાં મોત નિપજ્યાનું પણ જાણવા મળ્યું છે. મળતી જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લાની લક્ષ્મીપુરાની શેઠ કે.એલ. હોસ્પિટલ, બાયડ તાલુકાના વાત્રકની શ્રીમંત ફતેસિંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ, મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ સહિત રાજયની ૬ ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલોમાં તબીબી અધિકારી વર્ગ-૧, ૨, ફાર્માસીસ્ટ, એક્સ-રે ટેકનિશિયન, લેબ ટેકનિશિયન અને નર્સિંગ સ્ટાફ તેમજ વર્ગ-૪ ના કર્મચારીઓ નિષ્ઠાથી ફરજ બજાવે છે. તેમાંય કોરોનાના કપરા સમયમાં કોરોનાના દર્દીને તેના સગા હાથ અડાડતા ન હતા તે સમયે આવા કર્મચારીઓએ જીવના જોખમે તેમના જીવ બચાવ્યા હતા. જ્યારે રાજ્ય સરકારે તા.૧૬ ઓગષ્ટ-૨૦૧૬ના ઠરાવથી રાજ્યની ગ્રાન્ટેડ હોસ્પિટલના કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ આપવાનું સૈદ્ધાંતક રીતે સ્વીકાર્યું હતું પરંતુ સ્વીકાર કર્યાના ૭ વર્ષ પછી પણ રાજ્યમાં ૨ મુખ્ય મંત્રી અને ૩ આરોગ્ય મંત્રી બદલાયા છતાં કર્મચારીઓના સાતમા પગારપંચનો પ્રશ્ન ઉકલ્યો નથી અનેકવાર યુનિયન દ્વારા ઉગ્ર આંદોલનનો જંગ છેડવાની જાહેરાત થાય છે પરંતુ હોસ્પિટલોમાં આવતા દર્દીઓના જીવ ન જોખમાય તે ધ્યાને રાખી વારંવાર આંદોલનના જંગમાંથી પીછેહઠ કરવામાં આવે છે પરંતુ હવે રાજ્યની ભાજપ સરકાર રાજ્યની ગ્રાન્ટેડ હોસ્પિટલોના ૬૫૦ થી વધુ કર્મચારીઓને ૧ મહિનામાં સાતમા પગારપંચનો લાભ નહીં આપે તો ઉગ્ર જંગ છેડવાની સાથે જરુર પડે દિલ્હી દરબારમાં પહોંચી ન્યાય માટે ગુહાર લગાવશે તેમ જાણવા મળ્યું છે.

### સરકાર કર્મચારીઓની કોરોના વખતની સેવાને નજરઅંદાજ ન કરે

સાતમા પગારપંચનો લાભ ઝંખતા જિલ્લાની ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલના કર્મચારીઓએ જણાવ્યું કે સાતમો પગારપંચ એ અમારો અધિકાર છે અને આ અંગે સરકારમાં તબક્કાવાર લેખિત અને મૌખિક રજૂઆત પછી પણ ન્યાય મળ્યો નથી. કોરોના સમયે પણ કર્મચારીઓએ ધાર્યું હોત તો સરકાર સામે મોરચો મોંડી સાતમા પગારપંચનો લાભ મેળવી શક્યા હોત પરંતુ માનવતા ખાતર આંદોલન મોકુફ રાખ્યું હતું. સરકાર હવે કર્મચારીઓની કોરોના વખતની સેવાને ધ્યાને રાખી તત્કાલ સાતમા પગારપંચનો લાભ આપે તેવી માંગ વાત્રક, મોડાસા અને લક્ષ્મીપુરાના કર્મચારીઓએ કરી છે.

# અરવલ્લી : સૂતેલા હનુમાન સાકરીયા મંદિરના ૭ કરોડના ખર્ચે નવ નિર્માણ મંદિરનો ભવ્યાતિભવ્ય શિલાન્યાસ મહોત્સવ યોજાયો

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામે આવેલ સૂતેલા હનુમાન મંદિરનું ૭ કરોડથી વધુના ખર્ચે નવ નિર્માણ કરવામાં આવ્યું છે શનિવારે નવનિર્માણ પામતા સ્વયંભૂ અને સૂતા હનુમાનજી મંદિર, સાકરીયા ગામે ભાવ,ભક્તિ અને આસ્થા સાથે ઐતિહાસિક શિલાન્યાસ મહોત્સવ યોજાયો હતો. ગુજરાતનુ એક માત્ર સ્વયંભૂ અને સુતેલા હનુમાનજીનું મંદિર જે અરવલ્લી જિલ્લાના મોડાસાના સાકરીયા ખાતે આવેલું છે ત્યારે પાંડવ કાળ સાથે જોડાયેલું આ હજારો વર્ષ પ્રાચીન મંદિરનું પુનઃ નિર્માણના શિલાન્યાસ મહોત્સવ યોજાયો હતો. શ્રી ભીડભંજન ગ્રામ વિકાસ ટ્રસ્ટ તથા સમસ્ત સાકરીયા ગ્રામજનો દ્વારા અંદાજિત સાત કરોડના ખર્ચે બંસી પહાડપુર પથ્થર પર ભવ્ય નિર્માણ કરાશે. પ્રાચીન મંદિર સ્થાનકે મંદિર ટ્રસ્ટ દ્વારા પુનઃ નિર્માણ પામતા મંદિરની લંબાઈ ૭૧ ફૂટ , પહોળાઈ ૬૧ફૂટ અને ઊંચાઈ ૫૧ ફૂટના બાંધકામ અંદાજિત રૂ ૭ કરોડના ખર્ચ ભવ્ય શિખરબંધ્ધ ભવ્ય મંદિર નવ નિર્માણ કરવાની તૈયારીઓ હાથ ધરાઈ છે. શિલાન્યાસની પૂજા વિધિ સોમનાથ મંદિરના પુજાચાર્ય ધનંજય ભાઈ દવે દ્વારા શિલાન્યાસ કરવામાં આવ્યો જ્યાં અલગ પાંચ દિશાઓ પ્રમાણે કુર્મ શિલા, ઈશાન શિલા,અગ્નિ શિલા, નૈઋત્ય શિલા, વાયવ્ય શિલાન્યાસ કરવામાં આવ્યો તેમજ શ્રી રામ લખેલા સવા લાખ મંત્રો વાળી પુસ્તક પાયામાં સ્થાપિત કરાઈ હતી સાકરિયા હનુમાનજી દાદાના મંદિરના શિલાન્યાસ કાર્યક્રમ માં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ અને ભક્તો દાદાના દ્વારે પહોંચી ધન્યતા અનુભવી રહ્યા હતા.



# અમીરગઢના નીચલા બંધના નિવૃત જવાને બ્લેકમેલરોના ત્રાસથી જીવન ટૂંકાવ્યું

ડીસા, તા. ૯

અમીરગઢ તાલુકાના નીચલાબંધના નિવૃત બીએસએફ જવાન વાઘજીભાઈ ચમનાજી પ્રજાપતિ (ઉ.વ.૫૫) એ ૬ ઓક્ટોબર ૨૦૨૨ ના દિવસે પાલનપુર નજીક ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કર્યો હતો. પરિવારજનોએ તેમના મોબાઈલ ફોનની તપાસ કરતાં સુખદેવકુંવર, શીમ્ભુ કાળુરામ અને કરણ રાકેશકુમારે તેમને બ્લેકમેઈલ કરી જુદાજુદા સમયે રૂપિયા ૩,૮૩,૬૪૦ ઓનલાઈન ખાતાઓઓમાં ટ્રાન્સફર કરાવી પડાવી લીધા હોવાનું ખુલ્યું હતુ.

અને તેમના ત્રાસથી જ વાઘજીભાઈએ આપઘાત કર્યો હતો. આ અંગે મૃતકના પુત્ર યશવંતકુમાર વાઘજીભાઈ પ્રજાપતિએ ત્રણેય શખ્સો સામે અમીરગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જેથી પોલીસે દુષ્પ્રેરણનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પિતા-પુત્ર સામે પોલીસ ફરિયાદ થઈ

# પલ્લાચર ખાતે કરણના ડાળા કાપવા બાબતે ગાળોબોલો કોદારી મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પિતા-પુત્ર સામે પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા. ૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ખાતે નજીવી બાબતે બોલાચાલી કરી ગાળોબોલી કોદારી મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પિતા-પુત્ર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ ના પલ્લાચર ખાતે રહેતા બાલકૃષ્ણ કેશવલાલ બારોટ કે જેવો ની જમીન ની બાજુમા અડીને પુથ્વીસિંહ ઉદેસિંહ રાઠોડ ની જમીન આવેલ હોય અને સેઢા ઉપર કાંટા વારી કરણનો છોડ ઉગેલ હોય તે છોડ ની ડાળીયો બાજુમા આવતા બાલકૃષ્ણ ભાઈ ટ્રેકટર નવુ લાવતા કાંટા વાળી ડાળીયો થી ટ્રેકટર નું હુંડ ફાટીના જાય તે સારુ કરણ ની ડાળીયો કાપવા માટે કહેવા જતા પુથ્વીસિંહ રાઠોડ તથા તેવોનો પુત્ર સજજનસિંહ રાઠોડ બન્ને જણા કહેવા લાગેલ કે કરણ ની ડાળીઓ તો આજે નહી અને કાલે પણ નહી કપાય તેમ કહી બાલકૃષ્ણ ભાઈ ને મા-બને સામી બિભત્સ ગાળો બોલવા લાગેલ જેથી બાલકૃષ્ણ ભાઈ એ ગાળો બોલવાની ના પાડતા સજજનસિંહ એ એકદમ ગડદાપાટુ નો માર મારવા લાગેલ અને પુથ્વીસિંહ એ તેમના હાથમા રહેલ લોખંડ ની કોદરી લાકડાના હાથાવાળી લઈ આવી પાછળથી બાલકૃષ્ણ ના માથામા મારી દેતા બાલકૃષ્ણ ભાઈ ને એકદમ ચક્કર આવી ગયા હતા અને તેવોએ બુમાબુમ કરતા આજુબાજુમા ખેતરમા રહેલ લોકો દોડી આવ્યા હતા અને દોડી આવેલ લોકો દ્વારા બાલકૃષ્ણ ભાઈ ને વધુ મારથી છોડાવ્યા હતા તો જતા-જતા પિતા-પુત્ર કહેતા ગયા કે આજે તો બચી ગયો છે પણ હવે પછી કરણ ના છોડ કાપવાની વાત કરીશ તો જીવતો નહી છોડું તેવી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા આપતા જતા રહેતા રહ્યા હતા ત્યારે બાલકૃષ્ણ ભાઈ ને માથાના ભાગે ઈજાઓ પોહચતા તેવો ના પુત્ર ને ફોન દ્વારા જાણ કરતા તેવો નો પુત્ર નિર્મલભાઈ તથા તેવો નો ભત્રીજો પાર્થ બન્ને ખેતર મા દોડી આવેલ અને પોતાની ગાડીમા પહેલા પ્રાંતિજ અને ત્યારબાદ હિંમતનગર ખાતે ખસેડવામા આવ્યા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બાલકૃષ્ણ કેશવલાલ બારોટ રહે.પલ્લાચર તા.પ્રાંતિજ જિ. સાબરકાંઠા દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે પુથ્વીસિંહ ઉદેસિંહ રાઠોડ તથા પુત્ર સજજનસિંહ પુથ્વીસિંહ રાઠોડ બન્ને રહે પલ્લાચર તા.પ્રાંતિજ જિ. સાબરકાંઠા વિરૂધ્ધ આઈપીસી કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ ગુનો નોંધી આગળની તપાસ હાથધરી હતી.

# પ્રાંતિજના વડવાસા પાટીયા પાસે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત

## અકસ્માતમાં તાજપુરના બાઇક ચાલક મોત : ત્રણ યુવાનો અનોડીયા લગ્ન પ્રસંગમાં હાજરી આપી પર ઘરે આવતા હતા : ઘરે આવતા વડવાસા પેટ્રોલપંપ નજીક અકસ્માત નડયો : ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા : અકસ્માત બાદ ટ્રક ચાલક પોતાની ટ્રક લઈને ભાગી ગયો







પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વડવાસા પાટીયા પાસે રાત્રીના સમયે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલક નુ મોત નિપજયુ હતુ તો બે ને ઈજાઓ પોહચી હતી.

પ્રાંતિજ તાલુકા ના તાજપુર ખાતે રહેતા રાઠોડ ચિરાગ સિંહ રણજીત સિંહ તથા રાઠોડ અમનસિંહ ભરતસિંહ તથા ઝાલા નયનસિંહ ( ગામનો ભાણો) ત્રણેય યુવાનો ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અનોડીયા ખાતે લગ્ન પ્રસંગ મા હાજરી આપીને રાત્રીના સમયે પરત ધરે આવી રહ્યા હતા અને તે દરમ્યાન હિંમતનગર - અમદાવાદ નેશનલ હાઈવેઆઠ પ્રાંતિજ ના વડવાસા પાટીયા પાસે આવેલ પેટ્રોલ પંપ નજીક રોડ ઉપર ઉભેલ ટ્રક પાછળ બાઈક ધુસી ગયુ હતુ તો બાઈક ચાલક ચિરાગ સિંહ રણજીત સિંહ રાઠોડ ને જીવલેણ ઈજાઓ પોંહચી હતી તો બાઈક પાછળ બેઠેલ અમનસિંહ ભરતસિંહ રાઠોડ તથા નયનસિંહ ઝાલા કે જે તાજપુર ગામનો ભાણો થાય છે જે બન્ને ને પણ ઈજાઓ પોહચી હતી તો અકસ્માત ને લઈ ને લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા અને ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ પણ તાત્કાલિક ધટના સ્થળે દોડી આવી હતી તો ત્રણેય ઈજાગ્રસ્તો ને પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા જયા હાજર તબીબી દ્વારા રાઠોડ ચિરાગ સિંહ રણજીત સિંહ ને મૃત જાહેર કર્યો હતો તો અકસ્માત સર્જીને ટ્રક ચાલક તેની ટ્રક લઈ ને ભાગી ગયો .હતો તો પ્રાંતિજ પોલીસે અકસ્માત નો ગુનોનોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

### ધારાસભ્ય ધવલસિંહ ઝાલા દ્વારા ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો

# બાયડના આંગણે ૧૦૮ નવયુગલોને આશીર્વાદ આપવા સંતો-મહંતો સહિત જિલ્લાની પ્રજા ઉપસ્થિત રહી

## ૩૦ હજારથી વધુ લોકોની હાજરીમાં જાજરમાન સમૂહ લગ્નોત્સવ સંપન્ન







બાયડ (બ્યુરો ઓફીસ) તા.૦૯

બાયડને આંગણે ધારાસભ્ય ધવલસિંહ ઝાલા દ્વારા રવિવારે ૧૦૮ નવયુગલોના સમૂહ લગ્નનું ઐતિહાસિક આયોજન કરતાં નવયુગલોને આશીર્વાદ આપવા માટે સંતો-મહંતો, રાજકીય આગેવાનો, ઉદ્યોગકારો, સહકારી આગેવાનો, વેપારીઓ સહિત જિલ્લાની પ્રજા ઉપસ્થિત રહી હતી. સમગ્ર જિલ્લામાં ના ભૂતો ન ભવિષ્યની જેમ યોજાયેલા ભવ્ય સમૂહ લગ્નોત્સવના આયોજનને સૌએ બિરદાવવાની સાથે ધારાસભ્યના સર્વશ્રેષ્ઠ કાર્યની સમગ્ર રાજ્યની પ્રજાએ નોંધ લીધી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના અનેક સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાતા હોય છે પરંતુ સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નોત્સવનું સૌ પ્રથમ આયોજન થતાં એક તબક્કે આયોજન સફળ થશે કે કેમ..?? તેને લઈને અવઢવ ચાલતી હતી. ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ મીઠો આવકાર મળે કે ન મળે પરંતુ દરેક સમાજની દિકરીઓના પરિવારને લગ્ન પાછળના લખલૂંટ ખર્ચાઓથી બચાવી સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવું અને તેમાં સર્વ સમાજને જોડવાનો નિશ્ચય કરતાં ૧૦૮ યુવતીઓના પરિવારે સમૂહ લગ્નોત્સવમાં જોડાવવાની સંમતિ આપ્યા પછી તા.૭ મે.ના રોજ શરણાઈના સૂર અને સ્વયંભૂ ઉમટેલી જનમેદનીના આશીર્વાદ વચ્ચે નવયુગલોએ સપ્તપદીના ફેરા લઈ વડીલોના આશીર્વાદ સાથે પોતાના ગૃહસ્થ જીવનનો પ્રારંભ કર્યો ત્યારે દરેક સમાજના ઘેર ખુશાલીનો પાર ન હતો. પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ, મહામંત્રી રત્નાકરજી સહિત ભાજપ સરકારના અનેક મંત્રીઓ અને સંગઠન હોદ્દેદારો તેમાં ઉપસ્થિત રહ્યા હતા. ધવલસિંહ ઝાલા દ્વારા યોજાયેલા સમૂહ લગ્નોત્સવને પ્રચંડ સફળતા મળી છે તેમજ સમગ્ર જિલ્લાની પ્રજાએ ધવલસિંહ ઝાલાની જેમ જ અન્ય રાજકીય આગેવાનો સમૂહ લગ્નોત્સવના આયોજન તરફ વળે તો અનેક પરિવારો લગ્ન પાછળના લખલૂંટ ખર્ચાઓમાંથી બચી શકે છે. ધવલસિંહ ઝાલાએ સમૂહ લગ્નોત્સવમાં જોડાયેલા નવદંપતિઓને ભૃણહત્યા અટકાવવાના શપથ લેવડાવ્યા હતા તેમજ દિકરા-દિકરી એકનો નારો પણ ગુંજ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ તેમના સમર્થકો, બાયડ-માલપુર વિધાનસભાના મત વિસ્તારના પ્રજાજનોનો આભાર માન્યો હતો.